# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

**(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)**

જયોતિર્મય પરિસર
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ,
એસ. જી. હાઈવે, છારોડી, અમદાવાદ-382 481
**Website : www.baou.edu.in**

## કુરીયર સર્વિસ પૂરી પાડવા અંગેના ઈ– ટેન્ડર દસ્તાવેજ
## (બિન તબદિલપાત્ર)

# E – Tender for providing Courier Services
# (Non Transfrable)

ટેન્ડર જાહેરાત ક્રમાંકઃ
બાઆંઓયુ/રજી/વહિ/કુરીયર/2019

**ટેન્ડર આમંત્રિત કરનારઃ**
કુલસચિવ (કાર્યકારી)
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
જયોતિર્મય પરિસર,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ
સરખેજ–ગાંધીનગર હાઈ–વે,
છારોડી, અમદાવાદ

સહી/–
અવાચ્ય

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, છારોડી, અમદાવાદ મુખ્ય મથક હેઠળ
રાજય વ્યાપ્ત કાર્યક્ષેત્ર અને અન્ય સ્થળોએ કુરીયર સર્વિસ પૂરી પાડવા
એજન્સી નકકી કરવા અંગે ઈ–ટેન્ડર

# ટેન્ડર અનુક્રમણિકા


| ક્રમ | વિગતો | Annexure | પાના નંબર |
|---|---|---|---|
| ૧) | ટેન્ડર શિડયુલ | Annexure 1 | 03 |
| ૨) | કુરીયર સેવાઓ પૂરી પાડવા અંગે સામાન્ય સૂચનાઓ | Annexure 2 | 04 |
| ૩) | ટેન્ડરરને સેવાઓ પૂરી પાડવા અંગે લાગુ પડતી આવશ્યક શરતો | Annexure 3 | 05 |
| ૪) | ટેન્ડરરની કામગીરીના અનુભવ અને નાણાંકીય સક્ષમતા અંગે આવશ્યક શરતો | Annexure 4 | 06 |
| ૫) | કુરીયર સેવાઓ પૂરી પાડવા અન્વયે ટેન્ડરરની ફરજો અને જવાબદારીઓ અંગે શરતો | Annexure 5 | 07-08 |
| ૬) | ટેન્ડર પ્રોસેસ ફી, ઈ.એમ.ડી અને સિકયુરીટી ડિપોઝીટ અને બેંક સોલવંશી અંગે આવશ્યક શરતો. | Annexure 6 | 09 |
| ૭) | ટેન્ડર ભરવા, ટેન્ડર, દસ્તાવેજ રજૂ કરવા અને ઓપન કરવા અંગેની શરતો | Annexure 7 | 10-11 |
| ૮) | ટેન્ડરના ભાવો, સ્વિકૃતિ, ટેન્ડર રદ્ ગણવા અને સેવાઓના બીલ રજૂ કરવા અંગે | Annexure 8 | 12-14 |
| ૦૯) | ટેકનીકલ બીડ | Annexure 9 | 15-17 |
| ૧૦) | ફાઈનાન્સીયલ બીડ | Annexure 10 | 18 |
| ૧૧) | બાહેધરી પત્રક | Annexure 11 | 19 |

**ANNEXURE-1**

# : E- Tender Schedule:

| Sr. No. | Information | Details |
|---|---|---|
| 1 | On-line opening of E-Tender<br>(Date and Time) | Date: 20/09/2019<br>Time: 10:30AM |
| 2 | Pre Bid with Vendors at BAOU<br>(Date and Time) | Date: 26/08/2019<br>Time: 01:00 PM |
| 3 | Closing Date & Time (On line Submission)<br>(Date and Time) | Date: 10/09/2019<br>Time: 6:00 PM |
| 4 | Submission of Hard copy of Tender form, Tender fee, E.M.D etc..<br>(Through R.P.A.D/ Speed Post or hand Delivery in Sealed Cover) | Date: 12/09/ 2019<br>Time: 5:30 PM |
| 5 | Approx. amount of Work | INR 15/- Lakh and above |
| 6 | Tender Process Fees | INR 1,500/- |
| 7 | Earnest Money Deposit Amount | INR 45,000/- |
| 8 | Security Deposit | As Per Govt. of Gujarat Purchase Rules |
| 9 | Validity | 180 Days (after opening of Tender) |
| 10 | Place, Date and time of opening of Technical Bid | Date:13/09/2019<br>Time: 01:00 P.M<br>Place: "Jyotirmay Parisar"<br>Dr. Babasaheb Ambedkar Open University Marg,<br>S. G. Highway, Chharodi,<br>Ahmedabad- 382481. |
| 11 | Place, date and time of opening of Financial Bid | Date:13/09/2019<br>After the opening of Technical Bid or will be decide after the opening of Technical Bid. |

**ANNEXURE-2**

# કુરીયર સેવાઓ પૂરી પાડવા અંગે સામાન્ય સૂચનાઓ

**યુનિવર્સિટી અંગે તથા કુરીયરની સેવાઓ પૂરી પાડવા અંગે માહિતીઃ**

1. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી રાજય સરકારશ્રી દ્વારા સ્થાપિત સ્વાયત સંસ્થા છે. આ યુનિવર્સિટીને તેઓના ગુજરાત કાર્યક્ષેત્ર હેઠળ રાજય વ્યાપ્ત તમામ વિદ્યાર્થીઓને પત્રો, અભ્યાસસામગ્રી પહોચાડવી, સમગ્ર રાજય ખાતે આવેલ કેન્દ્રો અને અન્ય કચેરીઓ ખાતે પત્રો, આર્ટીકલ્સ મોકલવા તથા રાજય સરકારની કચેરીઓ તથા આવશ્યકતા મુજબ રાજય બહારની કચેરીઓ ખાતે પત્રો રવાના કરવા વાર્ષિક ધોરણે એક જ નિયત દરે કુરીયર સેવાઓ મેળવવા એજન્સી નકકી કરવાની છે.

**ટેન્ડર અંગે યુનિવર્સિટીના અધિકારઃ**

1. સદર ઈ–ટેન્ડર બિન તબદિલ પાત્ર છે.
2. સંસ્થાને લાગુ પડતાં તમામ કાયદાઓનુ ટેન્ડરરે પાલન કરવાનુ રહેશે.
3. આ યુનિવર્સિટીને ઈ–ટેન્ડર જાહેર કર્યા તારીખથી ટેન્ડરના તમામ તબકકા દરમ્યાન, ભાવ ઓપન થયા બાદ પાર્ટીની નિયુકતિ, જે–તે પાર્ટી સાથે કરારનામાંની પ્રકિયા થઈ, નિમણૂંક થયા સુધી ટેન્ડરમાં સમાવિષ્ટ તમામ શરતો, બોલીઓ, પાર્ટી સાથે કરવામાં આવનાર કરારનામાંની શરતો, બોલીઓમાં સંજોગો આધિન આવશ્યકતા અનુસાર કોઈપણ શરત/ શરતો ઉમેરવાનો કે કમી કરવાનો અબાધિત અધિકાર રહેશે.
4. યુનિવર્સિટીને સદર ટેન્ડર પ્રકિયા સમગ્રપણે રદ્ કરવાનો અબાધિત અધિકાર છે. જે અંગે ટેન્ડરર કોઈપણ પ્રકારનો વાંધો લઈ શકશે નહિ.
5. ટેન્ડરમાં સમાવિષ્ટ તમામ શરતો અને સૂચનાઓ, બોલીઓ વગેરે, ટેન્ડરર અને યુનિવર્સિટી વચ્ચે થનાર કરાર ટેન્ડરનો જ ભાગ ગણાશે.
6. ટેન્ડરની તમામ શરતો, કરારની શરતો અગર ટેન્ડર સ્વિકૃતિ, અસ્વિકૃતિ, નિયમોના અર્થઘટન કે વિવાદાસ્પદ પરિસ્થિતિમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદનો નિર્ણય આખરી અને ટેન્ડરરને બંધનકર્તા રહેશે.
7. ટેન્ડર સંબધિત કોઈપણ વિવાદ બાબતે Subject to Ahmedabad Juridiction રહેશે.
8. ટેન્ડરમા સમાવિષ્ટ તમામ annexure ટેન્ડરનો ભાગ છે, જે ટેન્ડર સામે આવનાર દરેક ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

**ANNEXURE-3**

## ટેન્ડરરને સેવાઓ પૂરી પાડવા અંગે લાગુ પડતી આવશ્યક શરતો

1. ઈ–ટેન્ડરમાં જણાવેલ કામગીરી સામે સેવા આપવા ઈચ્છુક સંબધિત ટ્રેડમાં કાયદેસર રીતે નોંધાયેલ એજન્સી, કંપની, સંસ્થા, મલ્ટી સ્ટોર્સ એકટ હેઠળ નોંધાયેલ એજન્સી કે સહકારી મંડળી કે ભાગીદારી પેઢી હોવી ફરજીયાત છે.
2. ટેન્ડરર કંપની/ સંસ્થાની ઓફિસ/ શાખા અમદાવાદ/ ગાંધીનગર ખાતે હોવી જોઈએ.
3. ટેન્ડરર સંસ્થા પાસે ગુમાસ્તા ધારા હેઠળ સ્થાનિક સત્તા મંડળ દ્વારા આપવામાં આવતા નોંધણી (કુરીયર સર્વિસ પૂરી પાડવા) પ્રમાણપત્ર, આવકવેરા વિભાગ દ્વારા આપવામાં આવતા કાયમી ખાતા નંબર, જી.એસ.ટી નંબર, વ્યસાયવેરા નંબર તથા લાગુ પડતા લાયસન્સ, માન્યતા ધરાવતા હોવા જોઈએ. તેમજ તે તમામની સ્વ–પ્રમાણીત નકલ જોડવાની રહેશે. આ તમામ નોંધણી/ નંબર ટેન્ડર ભરતા સમયે કાર્યરત/ રિન્યુ થયેલ હોવા જોઈએ.
4. ટેન્ડરર જો ભાગીદારી પેઢી હોય તો ભાગીદારી દસ્તાવેજ કરેલા હોવા જોઈએ તથા પાવર ઓફ એર્ટનીના નોટરાઈઝ દસ્તાવેજ હોવા આવશ્યક છે. તે રીતે ટેન્ડરર જો કંપની કાયદા હેઠળ કે સહકારી મંડળીના કાયદા હેઠળ નોંધાયેલ હોય તો તેના નોંધણી નંબર, બંધારણ અને પાવર ઓફ એર્ટનીના નોટરાઈઝ દસ્તાવેજ હોવા આવશ્યક છે.
5. સોસાયટી રજીસ્ટ્રેશન એકટ 1956 અથવા ચેરીટેબલ ટ્રસ્ટ એકટ 1920 અન્વયે રજીસ્ટર્ડ થયેલ સંસ્થા/ પેઢી / ટ્રસ્ટ / સહકારી મંડળી, મલ્ટી સ્ટોર્સ સોસાયટી એકટ હેઠળ નોંધાયેલ એજન્સી તથા કાયદેસરની ભાગીદારી/ પ્રોપરાઈટરી કંપની પાસે કુરિયરની સર્વિસ પૂરી પાડવા માટે કાયદેસરના જરૂરી નોંધણી, લાયસન્સ હોવા આવશ્યક છે.
6. દરેક ટેન્ડરરે અત્રેના ઈ–ટેન્ડર સામે સામેલ થયાની તારીખ પૂર્વેનો ઈતિહાસ સ્વચ્છ છે, તેઓ નાણાંકીય રીતે ડિફોલ્ડર નથી, બ્લેક લીસ્ટ થયેલ નથી, સેવાઓ સંબધિત કોઈ પોલીસ ફરીયાદ કે કોર્ટ રેકર્ડ ઉપર કેસ નથી તે અંગેના બાહેંધરી પત્રક રૂ.50/-ના મૂલ્યના નોન જયુડિશીયલ સ્ટેમ્પ ઉપર અચૂક આપવાના રહેશે.
7. ટેન્ડરરે તેઓના નામ તથા કચેરીના સરનામાં, સંપર્ક સૂત્ર મોબાઈલ, લેન્ડ લાઈન નંબર અને ઈ–મેઈલ એડ્રેસની વિગત લેટરહેડ ઉપર અચૂક આપવાની રહેશે. તેમાં જો ફેરફાર થાય તેવા સંજોગોમાં યુનિવર્સિટીને તાત્કાલીક લેખીતમાં જાણ કરવાની રહેશે.
8. ટેન્ડર કાર્યવાહી દરમ્યાન ટેન્ડરરના નામ કોઈપણ સંજોગોમાં બદલી શકાશે નહિ.

**ANNEXURE-4**

## ટેન્ડરરની કામગીરીના અનુભવ અને નાણાંકીય સક્ષમતા અંગે આવશ્યક શરતો

1. આ કામની સેવા આપવા ઈચ્છુક ટેન્ડરરને કુરીયર સેવાઓ પૂરી પાડવા સંબધિત ઓછામાં ઓછા પાંચ (5) વર્ષનો અનુભવ હોવો ફરજીયાત છે.
2. ટેન્ડરરે પૂર્ણ થયેલ છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષ પૈકી કોઈપણ એક વર્ષમાં સરકારી, અર્ધ સરકારી, કેન્દ્ર સરકારની સંસ્થાઓ, નિગમ, બોર્ડ, કોર્પોરેશન, વિવિધ યુનિવર્સિટીઓ (આ યુનિવર્સિટી સિવાય), રાષ્ટ્રીયકૃત બેંકો, ખાનગી બેંકો, પ્રતિષ્ઠિત કોર્પોરેટ ઓફિસ વગેરે પૈકી કોઈપણ એક સંસ્થામાં કુરીયર સેવાઓ પૂરી પાડવા એક કામ રૂા.05/- લાખ કે તે ઉપરાંતનુ ફરજીયાત કરેલ હોવુ જોઈએ. જેમાં, જે–તે સંસ્થાના વર્ક ઓર્ડર અને કામગીરી સંતોષકારક પૂર્ણ કરેલ હોવાના પ્રમાણપત્ર અવશ્ય બિડાણ કરવાના રહેશે.
3. ટેન્ડરરે 3 (ત્રણ) વર્ષ દરમ્યાન ઉપરોકત શરતમાં જણાવેલ ઓછામાં ઓછી 02 (બે) સંસ્થાઓમાં તેમજ કેટલી રકમ સાથે કુરીયરની સેવાઓ પૂરી પાડવાની કામગીરી કરેલ હોય તેવી સંસ્થાઓના વર્ક ઓર્ડર, ઓર્ડરની રકમ અને કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ કરેલ છે તે મુજબના જે–તે સંસ્થા તરફથી પ્રમાણપત્ર મેળવી અવશ્ય રજૂ કરવાના રહેશે.
4. ટેન્ડરર એજન્સીનુ છેલ્લા 2 (બે) નાણાંકીય વર્ષ દરમ્યાનનું ટર્ન ઓવર રૂા.10/- લાખ ઉપરાંતનું અને દર એક નાણાંકીય વર્ષનુ લઘુત્તમ ટર્ન ઓવર રૂા.05/- લાખનું હોવુ જોઈએ. જે માટે ટર્ન ઓવરના પ્રમાણપત્ર અને બન્ને વર્ષના હિસાબોની ચાર્ટડ એકાઉટન્ટ દ્વારા પ્રમાણિત કરેલ નકલ એમ બન્ને વિગતો અચૂક જોડવાના રહેશે. અન્યથા ટેન્ડરર ટેન્ડર ભરવા માટે લાયક રહેશે નહિ.
5. ટેન્ડરર પાસે આ પ્રકારની સેવાઓ પૂરી પાડવાનુ વ્યવસ્થાતંત્ર અને સામગ્રી પહોચાડવા માટેના આવશ્યક વાહનો અને પૂરતો સ્ટાફ હોવા જોઈએ. જે માટે ટેન્ડરરે સમ્રગ ગુજરાતના કાર્યક્ષેત્ર માટે વ્યવસ્થાતંત્રની રૂપરેખા આપવાની રહેશે.

**ANNEXURE-5**

## <u>કુરીયર સેવાઓ પૂરી પાડવા અન્વયે ટેન્ડરરની ફરજો અને જવાબદારીઓ અંગે શરતો</u>

(1) યુનિવર્સિટી દ્વારા ટેન્ડરર પાસેથી ટપાલ/પાર્સલ કુરીયર કરવાની સેવાઓ આવશ્યકતા મુજબ મેળવવામાં આવશે. આ સેવાઓ દૈનિક ધોરણ માટે નથી.

(2) યુનિવર્સિટી ખાતેથી ટેન્ડરર દ્વારા ટપાલ/પાર્સલ કુરીયર મેળવી લેવાનો સામાન્યતઃ સમય બપોરે ૧૨ કલાકે થી સાથે ૫.૩૦ કલાક સુધીનો રહેશે. તેમ છતાં જરૂરીયાત અનુસાર કચેરી કામકાજના સમય દરમ્યાન ગમે ત્યારે સેવાઓ માટે બોલાવી શકાશે. જે મુજબ ટેન્ડર સેવાઓ આપવા બંધાયેલ રહેશે.

(3) યુનિવર્સિટી તરફથી જાણ કરવામાં આવે એટલે કે તે જ દિવસે કચેરી ખાતેથી સંબધિત અધિકારીનો સંપર્ક કરી ટપાલ/ પાર્સલ મેળવી લેવાના રહેશે. જેની સામે પહોંચ અચૂક આપવાની રહેશે.

(4) યુનિવર્સિટીની સૂચના મુજબ નકકી કરેલ તારીખે ટપાલ/પાર્સલ પહોંચાડવાની જવાબદારી ટેન્ડરરની રહેશે.

(5) અમદાવાદ શહેર અને ગાંધીનગરની ટપાલ / પાર્સલ ૨૪ કલાકમાં અચૂક મળી જાય તે મુજબ વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

(6) આ યુનિવર્સિટીના અભ્યાસ કેન્દ્રો જુદા–જુદા જિલ્લા, તાલુકા કે ગ્રામ્ય કક્ષાએ આવેલ હોવાથી તે તમામ પોઈન્ટ/ સ્થળે ટપાલ/ પાર્સલ અચૂક પહોંચાડવાના રહેશે.

(7) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સમગ્ર ગુજરાત ખાતે વસતા હોઈ ગ્રામ્ય, તાલુકા, જિલ્લા તેમજ શહેર સુધીના તમામ સરનામાંના સ્થળે ટપાલ/ પાર્સલ અચૂક પહોંચાડવાના રહેશે.

(8) અત્રેથી મેળવવામાં આવેલ ટપાલ/ પાર્સલના કલેકશનથી લઈ ડિલેવરી સુધી ઓન લાઈન ટ્રેક વ્યવસ્થા અચૂક આપવાની રહેશે. જે માટે ટેન્ડરરે યુનિવર્સિટી માટે અલગ લોગઇન યુઝર આઈડી અને પાસવર્ડ આપવાનો રહેશે.

(9) દર્શાવેલ સરનામે પહોચાડવા માટે આપવામાં આવેલ પાર્સલ/ટપાલ સંબંધિત અધિકૃત વ્યક્તિને મળેલ હોવાના આધારો રજૂ કરવાના રહેશે. પરત થયેલ ટપાલ કે પાર્સલ કચેરીમાં અધિકૃત અધિકારીશ્રીને પરત કરવાના રહેશે. ફક્ત પહોચાડેલ પાર્સલ/ટપાલ માટે નિયત થયેલ દરે ચુકવણી કરવામાં આવશે.

(10) ટપાલ કે પાર્સલ ડિલેવરી કર્યાની પહોંચ રજૂ નહી કરવામાં આવે તો યુનિવર્સિટી નકકી કરે તે પેનલ્ટી ભરવાની રહેશે. આ રકમ ચૂકવવા પાત્ર ઈજારદારના બીલની રકમમાંથી અગર જરૂર જણાય તો સિકયુરીટી ડિપોઝીટમાંથી વસૂલ કરવામાં આવશે.

(11) યુનિવર્સિટી તરફથી ડિલેવરી માટે આપવામાં આવેલ પત્રો, પાર્સલ વિદ્યાર્થીઓના પ્રમાણપત્રો, મટીરીયલ કે દસ્તાવેજો ગેરવલ્લે થશે કે ગુમ થશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી ટેન્ડરરની રહેશે.

જે માટે જરૂર પડે કાયદાકીય તેમજ ફોજદારી રાહે કાર્યવાહી પણ કરવામાં આવશે. આવા કિસ્સામાં જે-તે મહિનાના કુલ બીલ માંથી 20% રકમ અથવા તો રૂ.10,000/- બંને માંથી વધુ હોય તે પેનલ્ટી રૂપે ટેન્ડરર પાસેથી વસુલ કરવામાં આવશે અથવા જે-તે બીલ માંથી કપાત કરવામાં આવશે અથવા સિક્યુરિટી ડીપોઝીટ માંથી તેટલી રકમ વસુલ કરવામાં આવશે. ટેન્ડરરે ટપાલ/પાર્સલની ડિલેવરી જે–તે આર્ટીકલ ઉપર છાપવામાં આવેલ કચેરી કે ઘરના સરનામે જ કરવાની રહે છે.

(12) ટેન્ડરર ટપાલ / પાર્સલના આર્ટીકલ્સ ગ્રામ્ય, તાલુકા, જિલ્લા કે શહેરની શાખાઓ સુધી પહોચાડી ટપાલ / પાર્સલ મેળવવનારનો સંપર્ક કરી તેઓની શાખાની ઓફિસથી લઈ જવા માટે બોલાવી શકશે નહિ. આવી કોઈપણ ગેરરીત યુનિવર્સિટીના ધ્યાન ઉપર આવશે તો ડિપોઝીટ જપ્ત લઈ કંપનીને બ્લેક લીસ્ટ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

(13) ટેન્ડરર એજન્સીના ડિલેવરી સ્ટાફની બેદરકારી, બેકાળજીના લીધે કે ઈરાદાપૂર્વક કૃત્યથી ટપાલ/ પાર્સલને તૂટ, ફૂટ, નુકશાની કે નાશ થશે તો તેની જવાબદારી ટેન્ડરરની રહેશે. જેના માટેં જે-તે મહિનાના બીલ માંથી 20% રકમ પેનલ્ટી અથવા તો રૂ.10,000/- બંને માંથી વધુ હોય તે પેનલ્ટી રૂપે ટેન્ડરર પાસેથી વસુલ કરવામાં આવશે અથવા જે-તે બીલ માંથી કપાત કરવામાં આવશે અથવા તો સિક્યુરિટી ડીપોઝીટ માંથી તેટલી રકમ વસુલ કરવામાં આવશે.

(14) ટેન્ડરર દ્વારા ટપાલ/ પાર્સલના આર્ટીકલ્સ અત્રેથી ડિલેવરી માટે લઈ ગયા બાદ ડિલેવરીના જે–તે સરનામેં તેઓની શાખા કે વ્યવસ્થા નથી તેમ કરી તે આર્ટીકલ્સ અત્રે પરત કરશે તો તે માટેં જે-તે મહિનાના બીલ માંથી 20% રકમ પેનલ્ટી અથવા તો રૂ.10,000/- બંને માંથી વધુ હોય તે પેનલ્ટી રૂપે ટેન્ડરર પાસેથી વસુલ કરવામાં આવશે અથવા જે-તે બીલ માંથી કપાત કરવામાં આવશે અથવા તો સિક્યુરિટી ડીપોઝીટ માંથી તેટલી રકમ વસુલ કરવામાં આવશે.

(15) ઉપરોક્ત 11 થી 14 માટે પ્રથમ વખત મહિનાના બીલ માંથી 20% રકમ પેનલ્ટી અથવા તો રૂ.10,000/- બંને માંથી જે વધુ હોય તે પેનલ્ટી રૂપે ટેન્ડરર પાસેથી વસુલ કરવામાં આવશે. બીજી વખત 20% રકમ પેનલ્ટી અથવા તો રૂ.20,000/- બંનેમાંથી જે વધુ હશે તે ટેન્ડરર પાસેથી વસુલ કરવામાં આવશે. અને ત્રીજી વખત બનશે તો ટેન્ડરર પાર્ટીને બ્લેક લીસ્ટ કરવામાં આવશે.તથા સિક્યુરિટી ડીપોઝીટ જપ્ત લેવામાં આવશે. આવા કિસ્સામાં યુનિવર્સિટી તરફથી વૈકલ્પિક કામગીરી કરાવવા માટે જે-તે વૈકલ્પિક વ્યવસ્થા માટેનો ખર્ચ ટેન્ડરરના શિરે રહેશે.

**ANNEXURE-6**

## <u>ટેન્ડર પ્રોસેસ ફી, ઈ.એમ.ડી અને સિક્યુરીટી ડિપોઝીટ અને બેંક સોલવંશી અંગે આવશ્યક શરતો.</u>

1. ટેન્ડરરે ટેન્ડર પ્રોસેસ ફી પેટે રૂા.1,500/-ની રકમનો નેશનલાઈઝ/ શિડયુલ બેંકનો ડિમાન્ડ ડ્રાફટ/બેન્કર્સ ચેક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના નામનો, અમદાવાદ તરફેણનો (Payable at Ahmedabad) બિડાણ કરવાનો રહેશે.
2. ટેન્ડરરે ટેન્ડર E.M.D રકમ પેટે રૂા.45,000/-ની રકમનો નેશનલાઈઝ/ શિડયુલ બેંકનો ડિમાન્ડ ડ્રાફટ/બેન્કર્સ ચેક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના નામનો, અમદાવાદ તરફેણનો (Payable at Ahmedabad) બિડાણ કરવાનો રહેશે.
3. જે ટેન્ડરરના ભાવ સ્વિકાર કરવામાં આવશે તે પછીના ક્રમમાં આવતા બે ટેન્ડરર સિવાય અન્ય ટેન્ડરરોની અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈ.એમ.ડી.) ટેન્ડર પ્રકિયા પૂર્ણ થયા બાદ પરત કરવામાં આવશે. જેમના ભાવો સ્વિકારવામાં આવ્યા છે તેવા અને તે પછીના બે ટેન્ડરરોની અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈ.એમ.ડી.) જેમના ભાવ સ્વિકારાયા છે તે ટેન્ડરર જરૂરી સિક્યુરીટી ડિપોઝીટ જમા કરાવી કરારનામું કરી આપે ત્યારબાદ પરત કરવામાં આવશે.
4. ટેન્ડર સામેની ટેકનીકલ અને કોર્મશીયલ બીડ સ્પર્ધા બાદ જે પાર્ટીના ભાવ માન્ય થઈ કામગીરી સોંપવાનુ નિયત કરવામાં આવશે તેઓએ ગુજરાત સરકારશ્રીની ખરીદ નીતીના નિયમાનુસાર સિક્યુરીટી ડિપોઝીટ રકમ નેશનલાઈઝ/ શિડયુલ બેંકના ડિમાન્ડ ડ્રાફ્ટ/ બેંન્કર્સ ચેક સ્વરૂપે આપવાની રહેશે. સિક્યુરીટી ડિપોઝીટની રકમ કરારની મુદ્દત અથવા ટેન્ડર સામેની કામગીરી પૂર્ણ થયાના છેલ્લું ચુકવણું કરવામાં આવ્યા બાદ એક માસ પછી કામગીરી સંતોષકારક જણાયે અને વહિવટી વડાના નો ડયુ પ્રમાણપત્ર રજૂ થયે પરત કરવામાં આવશે. સિક્યુરીટી ડિપોઝીટની રકમ ઉપર કોઈપણ પ્રકારનુ વ્યાજ મળવાપાત્ર થશે નહિ.
5. ટેન્ડરર દ્વારા રાષ્ટ્રીયકૃત બેંકની રૂપિયા 2/- (બે) લાખના સોલવંશી સર્ટીફિકેટ હોવા જોઈએ કે જે ટેન્ડર જાહેર થયા પછીની તારીખની હોવી જોઈએ. અન્યથા ટેન્ડર રદ્ ગણવામાં આવશે.

**ANNEXURE-7**

## <u>ટેન્ડર ભરવા, ટેન્ડર, દસ્તાવેજ રજૂ કરવા અને ઓપન કરવા અંગેની શરતો</u>

1. યુનિવર્સિટી દ્વારા બહાર પાડવામાં આવેલ ટેન્ડર ગુજરાત રાજય સરકારશ્રીના એકમ N-Code મારફતે ઓન–લાઈન ભરવાના રહેશે. ઓનલાઈન ફોર્મ ભરવા અને ડાઉનલોડ કરવાનુ સરનામું http:\baou.nprocure.com છે.
2. ટેન્ડરરે ટેન્ડરની તમામ શરતો કાળજી પૂર્વક વાંચી, સમજીને ટેન્ડર ભરવાના રહેશે. કોઈપણ જાતના શરતી ટેન્ડરો સ્વિકારવામાં આવશે નહિ.
3. ટેન્ડરર તરફથી રજૂ કરવામાં આવે તે ફોર્મના દરેક પેજ ઉપર ટેન્ડરરના સહી–સિકકા સાથે રજૂ કરવાના રહેશે. અન્યથા ટેન્ડર રદ્ ગણવામાં આવશે.
4. ટેન્ડર સામે માંગવામાં આવેલ વિગતોના તમામ દસ્તાવેજો, આધારભૂત કાગળો સ્વ પ્રમાણિત કર્યાના સહી સિકકા સાથેની પ્રમાણિત નકલો બિડાણ કરવાની રહેશે. ટેકનીકલ બીડ ઓપન કર્યા બાદ ટેન્ડરરના કોઈપણ દસ્તાવેજ કે રજૂઆત સ્વિકારવામાં આવશે નહિ.
5. ટેન્ડર સાથે જે કોઈ પુરાવા/ દસ્તાવેજોની નકલો માંગવામાં આવેલ છે તે તમામ દસ્તાવેજોની મૂળ નકલ ટેન્ડર ઓપનીગ સમયે ચકાસણીના હેતુસર રજુ કરવાની રહેશે.
6. ટેન્ડર કાર્યવાહીના શિડયુલ મુજબ નિયત તારીખ–સમય બાદ મળેલ ટેન્ડર ધ્યાને લેવામાં આવશે નહિ.
7. ટેન્ડરરે નિયત કરવામાં આવેલ ટેકનીકલ બીડમાં માંગેલ વિગતો ઓન–લાઈન ભરીને, સંબધિત દસ્તાવેજો સાથે ટેન્ડર ફોર્મ રજૂ કરવાના રહેશે. ફકત ઓન–લાઈન ટેન્ડર ફોર્મ ભરેલ હશે અને દસ્તાવેજો રજૂ કરેલ નહિ હોય તો તે ટેન્ડર ગેરલાયક ઠરશે.
8. ટેન્ડરરે નીચે મુજબ સમગ્ર ટેન્ડર રજૂ કરવાના રહેશે. આ <u>તમામ કવરો તેના મથાળા સાથે ટેન્ડરરના સિકકા–સહી કરી સીલબંધ રજુ કરવાના રહેશે</u>.

   8.1 પ્રથમ કવરઃ ટેન્ડર પ્રોસેસ/ ફોર્મ ફી મૂકીને "<u>ટેન્ડર પ્રોસેસ/ ફોર્મ ફી કવર</u>" એમ લખવાનુ રહેશે.

   8.2 બીજુ કવરઃ ઈ.એમ.ડી રકમ મૂકીને "<u>ટેન્ડર ઈ.એમ.ડી. ફી</u>" નુ કવર એમ લખવાનુ રહેશે

   8.3 ત્રીજુ કવરઃ ટેકનીકલ દસ્તાવેજો મૂકીને "<u>ટેકનીકલ બીડનુ કવર</u>" એમ દર્શાવવાનુ રહેશે.

ઉપરોકત ક્રમ 8.1 થી 8.3 ના કવર એક મોટા કવરમાં મૂકીને મોટા અક્ષરે "કુરીયર સેવાઓ પૂરી પાડવા અંગેનુ ઈ–ટેન્ડર" તેમ લખી રજૂ કરવાનુ રહેશે.

9. કોઈપણ ટેન્ડરર તેઓનુ ટેન્ડર નિયત સમયમાં રજૂ કર્યા પછી તેઓના ટેન્ડર ના ખોલવા કે પરત લઈ લેવા માટેની લેખીત કે મૌખીક રજુઆત કરશે તો તે માન્ય રહેશે નહિ. જો ટેન્ડરર તેમ કરવા માંગશે તેઓની ઈ.એમ.ડી રકમ જપ્ત કરવામાં આવશે.

10. ભરેલા ટેન્ડર સ્વિકારવા કે ન સ્વિકારવાનો નિર્ણય લેવાનો યુનિવર્સિટીને અબાધિત અધિકાર રહેશે.

11. આ કામની પ્રિ બીડ બેઠક સમયે ટેન્ડર સંબધિત કામકાજની જાણકારી આપવામાં આવશે. જેમાં ટેન્ડર ભરવા માંગનાર ટેન્ડર શિડયુલની તારીખ અને સમયે ઉપસ્થિત રહી શકે છે. તેમજ જે સેવાઓ પૂરી પાડવાની છે તે કામગીરીનો પ્રકાર, જરૂરીયાત વગેરેથી સુ–માહિતગાર થઈ શકશે.

12. પ્રથમ પ્રાયમરી લાયકાત અંગે ઓન–લાઈન વિગત તથા ફીઝીકલ જમા કરાવેલ સીલબંધ કવર (ટેન્ડર પ્રોસેસ ફી અને ઈ.એમ.ડી ફી) કમિટિ અને હાજર હશે તે પાર્ટીઓના પ્રતિનિધિશ્રીઓની સમક્ષ ઓપન કરવામાં આવશે. જે પાર્ટીઓ તરફથી પ્રાયમરી લાયકાતની પૂર્તતા કરતા હશે તેઓની ટેકનીકલ બીડ ઓપન કરવામાં આવશે.

13. બીજા તબકકામાં પ્રાયમરી લાયક પૂર્તતા કરતી પાર્ટીઓની ટેકનીકલ લાયકાત અંગેની ઓન–લાઈન વિગત અને ફિઝીકલ જમા કરાવેલ દસ્તાવેજોના સીલબંધ કવર કમિટિ/ હાજર રહેલ પાર્ટીઓના પ્રતિનિધિશ્રીઓની સમક્ષ ઓપન કરવામાં આવશે. જે ટેન્ડરર પાર્ટી ટેકનીકલ લાયકાતમાં યોગ્ય ઠરતી હશે તેવાના જ ઓનલાઈન ભાવપત્રકના ઓપન કરવામાં આવશે.

14. ટેન્ડર ઓપન કર્યા બાદ કોઈપણ ટેન્ડરર તેઓના ટેન્ડર કે ભાવપત્રક પરત ખેંચી લઈ શકશે નહિ. જે કોઈપણ ટેન્ડરર તેમ કરશે તો તેઓની અર્નેસ્ટ મની ડિપોઝીટ જપ્ત કરી આવા ટેન્ડરર ભવિષ્યમાં આ પ્રકારના ઈજારા ભરવા માટે ગેરલાયક ઠરશે.

**ANNEXURE-8**

**ટેન્ડરના ભાવો, સ્વિકૃતિ, ટેન્ડર રદ્દ ગણવા અને સેવાઓના બીલ રજૂ કરવા અંગે**

1. ટેન્ડર સામે આપવામાં આવે તે ભાવો ટેન્ડર ઓપન થયા તારીખથી 180 દિવસ સુધી અમલમાં રહેશે. આ સમય દરમ્યાન ટેન્ડરર તેઓના ભાવ પાછા ખેંચી શકશે નહિ.
2. ભરાઈને આવે તે ટેન્ડર સ્વિકારવા કે ન સ્વિકારવાનો અબાધિત નિર્ણય યુનિવર્સિટીનો રહેશે.
3. ટેન્ડરર દ્વારા જે–તે વિગત સામે ભરવામાં આવે તે ભાવ તમામ ટેક્ષનો સમાવેશ, પાર્સલ કલેકશન કરવા, ડીલેવરી કરવી, પાર્સલના ટ્રાન્સપોર્ટેશન, ટ્રાન્સપોર્ટેશન વિમો, મજૂરી, મજુર ખર્ચ, લોડીગ–અન લોડીગ સાથેના તથા લાગુ પડતા અન્ય તમામ પ્રકારના ખર્ચના સમાવેશ સાથેના ભરવાના રહેશે.
4. ટેન્ડરરે તેઓના ભાવ ભરતા પૂર્વે આ યુનિવર્સિટીના સમગ્ર ગુજરાત વ્યાપ્ત કેન્દ્રોની વિગત મેળવી લેવાની રહેશે. ટેન્ડરરે સમગ્ર ગુજરાતના અંતરીયાળ ગ્રામ્યથી લઈ શહેરમાં રહેતા વિદ્યાર્થીઓને ટપાલ કે પાર્સલ તેઓના ધર સુધી પહોચાડવાના છે તે વિગત ધ્યાને લઈ ભાવ આપવાના રહેશે. જેમાં કોઈ બાંધછોડ કરવામાં આવશે નહિ.
5. જે કોઈ ટેન્ડરરના ભાવ મંજૂર થાય તે ભાવ વન–ટાઈમના રહેશે કે જે કરારમાં નકકી થયા તારીખથી એક વર્ષ સુધી અમલમાં રહેશે. તેમ છતાં જરૂર જણાયે આ કરારનો સમયગાળો સરકારશ્રીના નિયમોનુસાર લંબાવી શકાશે. આ સમગ્ર સમયગાળા દરમ્યાન નિયુકતિ સમયે નિયત થયેલ ભાવ ઉપરાંતનો કોઈપણ વધારો આપવામાં આવશે નહિ.
6. જે–તે વિગત સામે સૌથી નીચા ભાવ ભરેલ હશે તેને અગ્રતાક્રમ આપવામાં આવશે. પરંતુ સૌથી નીચા ભાવ જો કાર્યક્ષમ નહિ જણાય તો સેકન્ડ કે થર્ડ લોએસ્ટના ભાવો ધ્યાનમાં લઈ આગળની કાર્યવાહી કરવામાં આવશે.
7. ટેન્ડર સામેની વિગતોમાં એકજ સરખી રકમના ગુરૂત્તમ/લઘુત્તમ પ્રીમીયમ ઓફર થયા હોય તેવા પ્રસંગે યુનિવર્સિટી સંબધિત ટેન્ડરરોના તે ક્ષેત્રનો અનુભવ, સાધનોની સજજતા, સેવાઓ માટેનો સ્ટાફ વગેરે ધ્યાને લઈને આખરી નિર્ણય કરશે. તેમ છતાં જો કોઈ બાબતે નિર્ણય કરવામાં દ્વિધા જણાશે તો જે તે નિર્ધારિત સેવાઓ પૂરી પાડનાર કરતાં વધુ સવલત આપતી સેવાઓ પૂરી પાડવા માટે તૈયાર હોય તેવા ટેન્ડરરને અગ્રતા આપવામાં આવશે.

## ટેન્ડરની સ્વિકૃતિ

1. ટેન્ડરમાં ભરાઈને આવેલ ભાવ યુનિવર્સિટી દ્વારા મંજૂર કર્યાની અને આ સેવાઓ પૂરી પાડવા માટેની ટેન્ડરરર સંમત છે તે મુજબના લેખીત સંમતિપત્ર મેળવવા અત્રેથી લેખીતમાં જાણ કરવામાં આવશે.
2. ટેન્ડર પૂરેપુરૂ કે અંશતઃ સ્વિકારવાનો યુનિવર્સિટીને અબાધિત હકક રહેશે. શકય હશે ત્યાં સુધી એકજ ટેન્ડરરના ભાવો મંજૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવશે. તેમ છતાં કામગીરીને ધ્યાને લઈને એકથી વધુ ટેન્ડરરના ભાવો માન્ય રાખવાનો પણ યુનિવર્સિટીને અબાધિત હકક રહેશે.
3. પેઢીનુ ટેન્ડર માન્ય રાખવું કે નહિ તે અંગેની સંપૂર્ણ સત્તા યુનિવર્સિટીની રહેશે.
4. ટેન્ડરની તમામ બાબતો, કોઈપણ ટેન્ડર મંજૂર/ ના મંજૂર કરવા માટે યુનિવર્સિટીનો નિર્ણય આખરી રહેશે. આમાં નીચા ભાવનું ટેન્ડર સ્વિકાર કરવો કે નહિ તેનો પણ સમાવેશ થાય છે.
5. ટેન્ડર/ કરારની કોઈપણ શરતોમાં સુધારા–વધારા કરવા, રદ્દ કરવી, ઉમેરો કરવો કે કોઈપણ શરતોના અર્થઘટન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેની આખરી સત્તા યુનિવર્સિટીની રહેશે.
6. ટેન્ડર અંગે કોઈપણ પત્ર વ્યવહાર કે ટેલીફોન કે રૂબરૂ મળીને કે અન્ય કોઈપણ રીતે ટેન્ડરની પ્રકિયાને પ્રભાવિત કરવાનો પ્રયત્ન કરનાર પાર્ટીઓનુ ટેન્ડર રદ્દ કરવામાં આવશે. તેમજ ટેન્ડરર તરીકે બ્લેક લીસ્ટ કરવામાં આવશે.
7. સ્વિકૃત થયેલા ટેન્ડરરે સ્વખર્ચે યુનિવર્સિટી સાથે રૂા.100/-ના મૂલ્યના નોન–જયુડિશીયલ સ્ટેમ્પ પેપર ઉપર કરારનામું કરવાનુ રહેશે અને આ કરારનામુ નોટરાઈઝ્ડ કરવાનુ રહેશે.
8. ટેન્ડર સામે પૂરી પાડવાની સેવાઓ માટે નિયુકત થાય તે પાર્ટી સાથેના કરારના સમય દરમ્યાન ગમે ત્યારે વ્યાજબી કારણોસર એક માસની નોટીસ આપીને આ કરાર રદ્દ કરવાનો અબાધિત અધિકાર યુનિવર્સિટીનો રહેશે. આ રીતે કરાર રદ્દ કરવાના કિસ્સામાં પાર્ટીને જે કોઈપણ આર્થીક કે અન્ય કોઈપણ નુકશાની માટે યુનિવર્સિટી જવાબદાર ગણાશે નહિ તેમજ તે માટે ટેન્ડરર કોઈ કાનૂની દાવો કરી શકશે નહિ.

## ટેન્ડર કયારે રદ્દ બાતલ ગણાશે?

1. નિયત સમય મર્યાદા બાદ મળેલ ટેન્ડર રદ્દ બાતલ ગણાશે.
2. ટેન્ડર ફોર્મમા જણાવેલી લધુત્તમ લાયકાતો કે કોઈપણ એક લાયકાત નહિ ધરાવનાર કોઈપણ ટેન્ડરર તરફથી રજુ કરવામાં આવેલ ટેન્ડર રદ્દબાતલ ગણવામાં આવશે.
3. ટેન્ડરર દ્વારા ટેન્ડર ફોર્મમા જણાવવામાં/ ભરવામાં આવેલ માહિતી અને બિડાણ કરેલ દસ્તાવેજો કોઈપણ સમયે ખોટા જણાશે તો ટેન્ડરરની સેવાઓ તાત્કાલીક અસરથી રદ્દ કરવામા આવશે. તેમજ સિકયુરીટી ડિપોઝીટ જપ્ત લઈ પાર્ટીને બ્લેક લીસ્ટ જાહેર કરવામાં આવશે.
4. કોઈપણ વ્યકિત/ઓ કે જે સરકારી નોકરીમાં હોય અથવા સરકારશ્રીના પ્રતિનિધિ કે જવાબદારી સંભાળતા હોય અથવા આ યુનિવર્સિટીના કર્મચારી હોય તે / તેવાઓ એજન્સી સાથે ભાગીદારી રીતે

કે સીધા કે આડકતરી રીતે કોઈપણ પ્રકારે સંકળાયેલ હોવા જોઈએ નહિ. તેવી કોઈપણ બાબત યુનિવર્સિટીના ધ્યાન ઉપર આવશે તો ટેન્ડર રદ્ બાતલ ગણાશે.

5. ઓછી રકમની ઓફર કરનાર, કૃત્રિમ રીતે લોએસ્ટ હોય પણ ટેન્ડરની ટેકનીકલ અને અન્ય શરતો પૂર્ણ કરતા ના હોય તેવા ટેન્ડર મૂળેથી રદ્બાતલ ગણવામાં આવશે.
6. ટેન્ડરની કાર્યવાહી પહેલા, દરમ્યાન કે આખરીકરણ સમયે કોઈપણ પ્રકારનુ રાજકીય, વહિવટીય કે અન્ય પ્રકારના અયોગ્ય દબાણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લાવનાર કે તેવો પ્રયત્ન કરનાર ટેન્ડરરનું ટેન્ડર રદ્ બાતલ ગણવામાં આવશે.
7. અધુરી, અસ્પષ્ટ કે સંદિગ્ધ ભાષામાં અને શરતી ટેન્ડર ઓફર કરનાર ટેન્ડર રદ્ બાતલ ગણવામાં આવશે.
8. ટેન્ડરમાં જણાવેલ શરતોનુ પાલન નહિ કરનાર પાર્ટીનું ટેન્ડર/કરાર રદ્ બાતલ ગણાશે.

## ટેન્ડર સામેની સેવાઓના બીલ રજૂ કરવા અંગે.

1. ટેન્ડરર દ્વારા કુરીયર સેવા ખર્ચના બીલ મંજૂર થયેલ દર (લાગુ પડતા તમામ ટેક્ષ, અન્ય સેવાઓના સમાવેશ સાથે) મુજબ આ યુનિવર્સિટીના નામજોગ Original and Duplicate એમ બે નકલમાં તૈયાર કરી રજૂ કરવાના રહેશે.
2. જે–તે બીલ સામેના ચૂકવણાંમાંથી સરકારશ્રીના ધારા–ધોરણ મુજબના ટેક્ષ કપાત કરવામાં આવશે.
3. ટેન્ડર સામેની કામગીરીના તમામ ચૂકવણાં ઈલેકટ્રોનીકસ અને ઈન્ટરનેટ માધ્યમ મારફતે થાય તે ઈચ્છનીય અને આવશ્યક હોવાથી નિયુકત થાય તે ટેન્ડરરે તેઓના પેન નંબર, બેંકનુ નામ, ખાતા નંબર, કોડ નંબર સાથે R.T.G.S. વિગત તેઓના લેટરપેડ ઉપર અચૂક આપવાની રહેશે.

**ANNEXURE-9**

# Technical Bid & Details of Service Provider

**Section A: Primarty Details**

| | |
|---|---|
| Name of the Tenderer Party/ Firm/ Company | |
| Status of Firm- Company / Partnership firm/ Trust/ Co-Operative Institute/ Agency/ Multi Stores/ Other (Specify) | |
| Name of Partner/Director/Proprietor/ Trustee | |
| Name of the Head & Designation | |
| Postal Address | |
| Local Office Address at:<br>(Ahmedabad Or Gandhinagar) | |
| Tele. No. (Office) & Mobile No. | |
| Website | |
| Email Address | |

| Tender Process / Form Fee Details: | |
|---|---|
| D.D. No./ Bankers Check No | |
| Name of the Bank: | |
| Amount: | 1,500 |
| Date: | |

| EMD Details: | |
|---|---|
| D.D. No./ Bankers Check No | |
| Name of the Bank: | |
| Amount: | 45,000 |
| Date: | |

| Details of Declaration | Stamp No | Date |
|---|---|---|
| Declaration is to be submitted on 50/- rupees Non Judicial Stamp Paper that the tenderer is not defaulter, never blacklisted by any Government institution or department and has no binding of any police, court case. | | |

## Section B: Various Registration Details of Tenderer

| | |
|---|---|
| Year of Establishment | |
| Registration Under which Act | |
| Registration No. if registered under registration or Charitable Trust Act | |
| Registration No. if registered under Multi Stores Society Act | |
| Shops and Establishment Registration No. (as valid supply of courier service) | |
| PAN Card No. & Date | |
| Professional Tax Registration No. & Date | |
| GST No. & Date | |
| Service Tax Registration No. (If have) | |

## Section C: Details of Financial Turnover, Profit and other.

| Sr. No. | Financial Year | Audited Accounts (Yes/ Provisional) | Total Turnover Rs. | Tax Paid Rs. | Net Profit Rs. |
|---|---|---|---|---|---|
| 1. | 2017-18 | | | | |
| 2. | 2018-19 | | | | |

## Section D: Detail of Bank Solvency (On or after the date of Tender)

| Sr. No. | Name of the Bank | Solvency No. | Rs. | Validity |
|---|---|---|---|---|
| 1. | | | 2,00,000.00 | |

## Section E: Experience

| Sr. No. | Name, address, designation and contact numbers, of Client/ Offices | Period of Work | | Order Value (Rs.) | | Remarks |
|---|---|---|---|---|---|---|
| | | From | To | Qty. | Amt. | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

**Note:**

1. Mentioned that experience for provide courier services during last three years in various offices. Also mentioned the one experience including Order for Rs.05/- Lakhs and above.
2. Certificate from client to be enclosed along with this without fail.

**Section F: TAX Challan Details**

Copy of VAT / GST Challan paid by the tenderer during 2017-18 and 2018-19/VAT Clearance Certificate by competent Authority (Copy to be enclosed)

| No. | Name of Month | Challan No. | Amount | Remarks |
|---|---|---|---|---|
| 1. | | | | |
| 2. | | | | |
| 3. | | | | |
| 4. | | | | |
| 5. | | | | |

**Section G: Other Details (Staff and Office)**

| | | |
|---|---|---|
| 1. | Office Staff | |
| 2. | Delivery Staff | |
| 3. | Collections Staff | |
| 4. | Technical Staff | |
| 5. | Local Ahmedabad Branches | |
| 6. | All Gujarat Branches | |
| 7. | All India Branches | |

I read all the conditions, concerned laws, required qualification standards and I understand the nature of work to be done before proposing this bid. I agree to follow all the conditions as mentioned in this tender.

Place:

Date: Signature & Stamp of Tenderer

**ANNEXURE-10**

# Financial Bid

| | | Up to 50 Grm | Up to 100 Grm | Up to 200 Grm | Up to 300 Grm | Up to 400 Grm | Up to 500 Grm | Up to 750 Grm | Up to 1 k.g | Up to 2.5 k.g | Up to 5 k.g | Up to 7.5 k.g | Up to 10 k.g | Up to 12.5 k.g | Up to 15 k.g | Up to 17.5 k.g | Up to 20 k.g |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (1) | Rates for Ahmedabad City area (Municipal Border) | | | | | | | | | | | | | | | | |
| (2) | Rates for out of Ahmedabad city and District | | | | | | | | | | | | | | | | |
| (3) | Rates for Gandhinagar City | | | | | | | | | | | | | | | | |
| (4) | Rates for all District, Taluka and Rural areas of across Gujarat | | | | | | | | | | | | | | | | |
| (5) | Rates for all other States and cities (Except Gujarat) | | | | | | | | | | | | | | | | |
| (6) | Rate for Delhi, New Delhi and Gurgaon | | | | | | | | | | | | | | | | |

Place:

Date:

Signature & Stamp of Tenderer

**પરિશિષ્ટ:૧૧**

# <u>બાંહેધરી પત્રક</u>

આથી અમો ટેન્ડરર એજન્સી ........................................................................................................ કુરીયર સેવાઓ પૂરી પાડવાના યુનિવર્સિટી તરફથી આપવામાં આવેલ ટેન્ડર <u>પરિશિષ્ટ: ૦૧ થી પરિશિષ્ટ:૧૦માં</u> સમાવિષ્ટ તમામ શરતો/ બોલીઓ / સૂચનાઓ/ નિયમો તમામ મે/ અમોએ વાંચેલ છે તેને હું/ અમો બરોબર સમજયા છે, તમામ વિગતોથી હું/ અમો માહિતીગાર થયા છે અને સ્વિકારીએ છીએ.

હું/ અમોને આ કામગીરી કરવા માટે અમારી જવાબદારીઓ અને પૂરી પાડવાની ફરજોની જાણ થયેલ છે અને સ્વિકાર કરીએ છીએ. તેમજ તેના ભંગ બદલ યુનિવર્સિટી તરફથી/ અન્ય રાહે લેવાનાર પગલાઓ સામે પૂર્તતા કરવા હું / અમો તે ભરપાઈ કરવા બંધાયેલ છીએ. આ સાથે સર્વે બોલીઓ, શરતો અને ટેન્ડરની પધ્ધતિનો કોઈ પણ વાંધો, વિરોધ કે તકરાર સિવાય સંપૂર્ણપણે સ્વિકાર કરૂ છુ/ કરીએ છીએ.

સ્થળ : ટેન્ડરરનુ નામ, સહી/કંપનીના સિકકા

તારીખ :